ખાનગી

# ગુજરાત યુનિવર્સિટી
## એકિઝક્યુટિવ કાઉન્સિલ

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા.૨૦/૦૯/૨૦૧૩ ના રોજ સવારે ૧૦-૧૫ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. મુકુલભાઇ શાહે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૨૦/૦૯/૨૦૧૩ |
|---|---|---|
| ૧. | ડો. મુકુલભાઇ શાહ, માન. કા.કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન | ગેરહાજર |
| ૫. | ડો. એન. ડી. શાહ | ગેરહાજર |
| ૬. | શ્રી ઇન્દ્રવિજયસિંહ ગોહેલ | હાજર |
| ૭. | શ્રી પટેલ સતિષકુમાર નટવરલાલ | હાજર |
| ૮. | શ્રી જૈન કૌશિકકુમાર સુખલાલ | હાજર |
| ૯. | પ્રો. વિજયાલક્ષ્મી ચારી | હાજર |
| ૧૦. | ડો. કુ. નિશા કે. શાહ | હાજર |
| ૧૧. | પ્રિ. ડો. મહેતા ગીતા પ્રાણલાલ | હાજર |
| ૧૨. | પ્રિ. ડૉ. ઉપાધ્યાય પ્રદ્યુમન ચંદ્રકાન્ત | હાજર |
| ૧૩. | ડો. શાહ ભરત જે. | હાજર |
| ૧૪. | ડો. રાવલ કૌશિકકુમાર ચિમનલાલ | હાજર |
| ૧૫. | ડો. દિગ્વિજયસિંહ ધનશ્યામસિંહ ગોહેલ | હાજર |
| ૧૬. | ડો. પટેલ ધવલકુમાર રમણલાલ | હાજર |
| ૧૭. | ડો. ઠકકર જશવંતભાઇ હરીભાઇ | હાજર |
| ૧૮. | ડો. મહિતપસિંહ ચાવડા | હાજર |
| ૧૯. | ડો. નિરાજાબેન અરૂણ | ગેરહાજર |
| ૨૦. | શ્રી નરહરિભાઇ એચ. અમીન | હાજર |
| ૨૧. | ડો. પટેલ હિમાંશુ વિઠ્ઠલભાઇ | હાજર |

| | | |
|---|---|---|
| ૨૨. | શ્રી અમિતભાઇ શાહ | હાજર |
| ૨૩. | શ્રી ગીરીશભાઇ ચૌધરી | હાજર |
| ૨૪. | શ્રી ધ્રુમીલભાઇ ડી. પટેલ | હાજર |
| ૨૫. | ડો. મહેશભાઇ પટેલ | હાજર |
| ૨૬. | શ્રી દેવાંગભાઇ નાણાવટી | ગેરહાજર |

સભાની શરૂઆતમાં માન.કુલપતિશ્રીએ એકિઝકયુટિવ કાઉન્સિલપર નિયુકત થયેલા આર્ટસ ફેકલ્ટીના ભૂતપુર્વ ડીન ડો. મહિપતસિંહ ડી. ચાવડા તથા ભવન્સ આર. એ. કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સના પ્રિન્સિપાલ ડો. નિરજા અરૂણનું હાર્દિક સ્વાગત કર્યું હતુ અને તમામ સભ્યશ્રીઓને આવકાર્યા હતા.

ત્યારબાદ કામકાજની યાદીપરની નીચેની બાબતો હાથ ધરવામાં આવી :

**બા.ક્ર.૧** તા.૬-૯-૨૦૧૩ના રોજ મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલની સભાની નોંધ મંજુર કરવા બાબત.

**ઠરાવ** **તા. ૦૬/૦૯/૨૦૧૩ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.**

**બા.ક્ર.૨** કુલપતિશ્રીએ મંજુર કરેલા નીચેના કાર્યો (જાણસારૂ)

૨(૧) અશ્રય મેડિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર સંચાલિત સ્પર્શ ચેસ્ટ ડિસીઝ સેન્ટર, ૧૦૦-બી, સ્વસ્તિક સોસાયટી, સામવેદ હોસ્પિટલ સામે, સ્ટેડિયમ કોમર્સ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯ની શૈ.વર્ષ.૨૦૧૩-૧૪નું નવુ (એડહોક) જોડાણ આ યુનિવર્સિટીના ઓર્ડિ.૩૫-A, Approved Institute હેઠળ મેળવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.પંકજભાઇ પટેલ (૨)ડૉ.શોભનાબેન મહેતા (૩)ડૉ.જયેશભાઇ પરીખ

૨(૨)નીલદીપ કોલેજ ઓફ કોમર્સ, સોલા-સાયન્સ સીટી રોડ, અમદાવાદ-૬ની શૈ.વર્ષ.૨૦૧૩-૧૪નું બી.કોમ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.એચ.ડી.શીખ (૨)ડૉ.રાજશ્રીબેન ભટ્ટ (૩)ડૉ.ધ્રુમિલભાઇ પટેલ (૪)ડૉ.એચ.સી.સરદાર

૨(૩)સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ એમ.એડ.કોલેજનું નામ બદલીને નવુ નામાભિધાન શાંતાબેન નટવરલાલ મનસુખલાલ શાહ (એસ.એન.એમ.શાહ) એમ.એડ. કોલેજ, મુ.કાંકણપુર કરવા માટે આવેલી અરજી પરત્વે આ યુનિવર્સિટીના ઓર્ડિ.૧૨૦-J- હેઠળ અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નવા નામાભિધાનને મંજૂરી આપ્યાનું.

૨(૪)શ્રી બાબુભાઇ જે.પટેલ ઉમિયા બી.બી.એ.કોલેજ,શ્રી ઉમિયા કેમ્પસ,સોલા,અમદાવાદ-૬૦ની શૈ.વર્ષ.૨૦૧૨-૧૩નું પ્રથમ,દ્વિતીય અને તૃતીય વર્ષ બી.બી.એ.નું એડહોક જોડાણ લંબાવવા માટે

આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | ડિવીઝન | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.બી.એ.<br>દ્રિતીય,તૃતીય વર્ષ બી.બી.એ.<br>(સ્વનિર્ભર ધોરણે)<br>(માત્ર બહેનો માટે)<br>(અંગ્રેજી માધ્યમ) | ૦૨ | ૧૫૦ | ચાલુ<br>(એડહોક) | તા.૧-૭-૨૦૧૨ થી<br>તા.૩૦-૬-૨૦૧૩<br>સુધી |

૨(૫)શ્રીમતી માલિની કિશોર સંઘવી હોમિયોપેથીક મેડિકલ કોલેજ,મુ.મિયાંગામ-કરજણ,જી.વડોદરાની શૈ.વર્ષ.૨૦૧૩-૧૪નું પ્રથમ,દ્રિતીય,તૃતીય અને ચતુર્થ વર્ષ બી.ફિઝીયોથેરાપીનું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.એચ.એમ.એસ.<br>દ્રિતીય,તૃતીય,ચતુર્થ વર્ષ<br>બી.એચ.એ.એસ.તથા ઇન્ટર્નશીપ<br>(સ્વનિર્ભર ધોરણે) | ૫૦ | ચાલુ<br>(એડહોક) | તા.૧-૮-૨૦૧૩ થી<br>તા.૩૧-૭-૨૦૧૪<br>સુધી |

૨(૬)જી.વી.એમ.નર્સિંગ કોલેજ,મુ.અણિયાદ, તા.શહેરા, જી.પંચમહાલની શૈ.વર્ષ.૨૦૧૩-૧૪નું પ્રથમ અને દ્રિતીય વર્ષ બી.એસસી.(નર્સિંગ)નું એડહોક જોડાણ લંબાવવા માટે તેમજ તૃતીય વર્ષ બી.એસસી.(નર્સિંગ)નું નવુ (એડહોક)જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.એસસી.(નર્સિંગ)<br>દ્રિતી વર્ષ બી.એસસી.(નર્સિંગ)<br>તૃતીય વર્ષ બી.એસસી.(નર્સિંગ) | ૪૦ | ચાલુ<br>ચાલુ<br>નવુ<br>(એડહોક) | તા.૧-૮-૨૦૧૩ થી<br>તા.૩૧-૭-૨૦૧૪<br>સુધી |

૨(૭)ડૉ.બી.આર.આંબેડકર કોલેજ ઓફ નર્સિંગ, દહેગામ,જી.ગાંધીનગરની શૈ.વર્ષ.૨૦૧૩-૧૪નું પ્રથમ,દ્રિતીય,તૃતીય અને ચતુર્થ વર્ષ બી.એસસી.(નર્સિંગ)નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.એસસી.(નર્સિંગ)<br>દ્રિતીય,તૃતીય,ચતુર્થ વર્ષ<br>બી.એસસી.(નર્સિંગ)<br>(સ્વનિર્ભર ધોરણે) | ૪૦ | ચાલુ<br>(એડહોક) | તા.૧-૮-૨૦૧૩ થી<br>તા.૩૧-૭-૨૦૧૪<br>સુધી |

૨(૮)પાયોનિયર ફિઝીયોથેરાપી કોલેજ,સયાજીપુરા,વડોદરા-૧૯ને રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય,ગાંધીનગરના પત્રાંક-એમસીજી-૧૦૧૩/SFS-૭૧/જ.થી હાલની ૪૦ સીટોમાં વધુ ૨૦ સીટોની મંજૂરી આપવામાં આવેલ હોઇ, તેનું જોડાણ મેળવવા માટે કોલેજની આવેલ અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | કુલ સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.ફિઝીયોથેરાપી | ૪૦+૨૦=૬૦ | ચાલુ/નવુ (એડહોક) | તા.૧-૮-૨૦૧૩ થી તા.૩૧-૭-૨૦૧૪ સુધી |

૨(૯)શ્રી પંચમહાલ જિલ્લા પછાત વર્ગ કેળવણી મંડળ એમ.એડ.કોલેજ, મોરવા (રેણા) તા.શહેરા, જી.પંચમહાલ-૩૮૯૦૦૧ની શૈ.વર્ષ.૨૦૧૩-૧૪નું એમ.એડ.નું નવુ જોડાણ (SNDT તબદીલ) મેળવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| એમ.એડ. (PG કોર્સ) (સ્વનિર્ભર ધોરણે) (CBCS મુજબ) | ૩૫ | નવુ (એડહોક) | તા.૧-૭-૨૦૧૩ થી તા.૩૦-૬-૨૦૧૪ સુધી |

૨(૧૦)વારાહી એજયુકેશન કોલેજ, ડી-કેબીન,સાબરમતી, અમદાવાદ-૧૯ની શૈ.વર્ષ.૨૦૧૩-૧૪નું બી.એડ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ. (સ્વનિર્ભર ધોરણે) | ૧૦૦ | ચાલુ (એડહોક) | તા.૧-૭-૨૦૧૩ થી તા.૩૦-૬-૨૦૧૪ સુધી |

૨(૧૧)સ્વ.આર.પી.પટેલ કોલેજ ઓફ નર્સિંગ, મુ.ઓડ-૩૮૮૨૧૦નું શૈ.વર્ષ.૨૦૧૩-૧૪નું પ્રથમ,દ્રિતીય અને તૃતીય વર્ષ બી.એસસી. (નર્સિંગ)નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ,દ્રિતીય વર્ષ બી.એસસી.(નર્સિંગ) તૃતીય વર્ષ બી.એસસી.(નર્સિંગ) (સ્વનિર્ભર ધોરણે) | ૪૦ | ચાલુ નવુ (એડહોક) | તા.૧-૮-૨૦૧૩ થી તા.૩૦-૭-૨૦૧૪ સુધી |

૨(૧૨)એ.એમ.સી.મેટ મેડિકલ કોલેજ, એલ.જી.હોસ્પિટલ કેમ્પસ, મણીનગર, અમદાવાદ-૮ની શૈ.વર્ષ.૨૦૧૩-૧૪નું એમ.બી.બી.એસ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.<br>દ્વિતીય,તૃતીય,ચતુર્થ વર્ષ એમ.બી.બી.એસ.<br>પાંચમુ વર્ષ એમ.બી.બી.એસ.<br>(સ્વનિર્ભર ધોરણે) | ૧૫૦ | ચાલુ<br>ચાલુ<br>નવુ<br>(એડહોક) | તા.૧-૮-૨૦૧૩ થી<br>તા.૩૧-૭-૨૦૧૪<br>સુધી |

૨(૧૩)નીલદીપ કોલેજ ઓફ કોમર્સ,સોલા-સાયન્સ સીટી રોડ,અમદાવાદ-૬૦ની શૈ.વર્ષ.૨૦૧૩-૧૪નું પ્રથમ,દ્વિતીય અને તૃતીય વર્ષ બી.કોમ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | ડિવીઝન | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.કોમ.<br>દ્વિતીય,તૃતીય વર્ષ બી.કોમ.<br>એડ.એકા.એન્ડ ઓડિટીંગ (મુખ્ય)<br>એડ.સ્ટેટેસ્ટીક્સ (ગૌણ)<br>(સ્વનિર્ભર ધોરણે) (CBCS મુજબ) | ૩+૧* | ચાલુ<br>ચાલુ<br>(એડહોક) | તા.૧-૭-૨૦૧૩ થી<br>તા.૩૦-૬-૨૦૧૪<br>સુધી |

*E.C.ની તારીખ ૨૬-૯-૨૦૧૦ની સભાના ઠરાવથી શૈ.વર્ષ.૨૦૧૧-૧૨થી હાલના ત્રણ વર્ગો ઉપરાત વધુ એક વર્ગની મંજૂરી આપેલ છે.

૨(૧૪)પી.જી.સુપરસ્પેશિયાલીટી કોર્ષ ડી.એમ/એમ.સી.એચ.માં કેન્સર હોસ્પિટલ ખાતે પ્રવેશ મળતા ત્યાંની ફી વધારે હોવાથી ડૉ.રોમા ગાંધી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નામ.હાઇકોર્ટમાં SCA No.૯૫૮૩/૨૦૧૩થી થયેલ પીટીશન અંગે યુનિવર્સિટીને બીજા નંબરની પાર્ટી બનાવી છે,યુનિવર્સિટીવતી એડવોકેટશ્રી રાખ્યાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું.

૨(૧૫)વર્ષ ૨૦૧૩ની બેચમાં M.P.T.ની ગવર્નમેન્ટ કોલેજમાં SCની સીટ ન ખૂલતા એકીતા એ.ચાવડાએ નામ.હાઇકોર્ટમાં SCA No.૮૦૭૯/૨૦૧૩થી થયેલ પીટીશન અંગે યુનિવર્સિટીવતી એડવોકેટશ્રી રોકયાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું.

૨(૧૬)પી.જી.મેડિકલ પ્રવેશ અંગે (વર્ષ ૨૦૧૩)નામ.હાઇકોર્ટમાં થયેલ પીટીશનઃ

૧:SCA No.૧૩૧૪૦/૨૦૧૩ Dr.Mahendra K.

૨: SCA No.૧૩૧૪૧/૨૦૧૩ Dr.Guria Rani Dvi.

૩: SCA No.૧૩૧૪૨/૨૦૧૩ Dr.Shambhai S.Sinh

૪: SCA No.૧૩૧૪૩/૨૦૧૩ Dr.Sanjay J.Prajapati

૫: SCA No.૧૩૧૪૪/૨૦૧૩ Dr.Dharmik M.Patel

૬: SCA No.૧૩૧૪૫/૨૦૧૩ Dr.Sunil Vatano

ઉપરોકત પીટીશન અંગે યુનિવર્સિટીવતી એડવોકેટશ્રી રોકયાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું.

૨(૧૭)૨૦૧૩થી નીચેની કોલેજોને અનુસ્નાતક કેન્દ્ર ચાલુ કરવાની મંજૂરી આપેલ છે.

૧:શ્રી સાર્વજનિક કોમર્સ કોલેજ,ગોધરા (એમ.કોમ.કોસ્ટીંગનું અનુ.કેન્દ્ર)

૨:શ્રીમતી ટી.જે.પટેલ કોમર્સ કોલેજ,નડીયાદ (એમ.કોમ.I અંગ્રેજી માધ્યમ)

૩:શ્રી નટવરસિહજી આર્ટસ,સાયન્સ અને કોમર્સ કોલેજ,છોટાઉદેપુર.

(એમ.એસસી.કાર્બનીક રસાયણશાસ્ત્ર ડ્રગ્સ વિષય)

૨(૧૮)પી.જી.મેડિકલ પ્રવેશ અંગે નામ.સુપ્રિમ કોર્ટના ચૂકાદા પર પેરા નં-૪માં તેઓએ યુનિવર્સિટીને પાર્ટી બનાવી હોવાથી યુનિવર્સિટીના એડવોકેટશ્રી દ્વારા નામ.સુપ્રિમ કોર્ટને જાણ કરવાની હોવાથી તે અંગે યુનિવર્સિટીવતી એડવોકેટશ્રીને રોકયાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું.

૨(૧૯)વર્ષ ૨૦૧૩ની બેચમાં પ્રવેશ માટે ગુજરાત યુનિવર્સિટી પ્રેફરન્સ મેળવવા માટે ડૉ.ધ્યેય જે.પંડયાએ નામ.હાઇકોર્ટમાં SCA No.૯૦૬૨થી પીટીશન અંગે એડવોકેટશ્રી રોકયાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું.

૨(૨૦) આ યુનિવર્સિટી સંલગ્ન જુદી જુદી વિધાશાખાની કોલેજોમાં યુનિવર્સિટીના O.૯૭ મુજબ પસંદ પામેલ આચાર્યશ્રીની, અધ્યાપક સહાયકોની, વ્યાખ્યાતાઓની, એસો.પ્રોફે, આસિ.પ્રોફે., લેકચરર, ટયુટર તરીકેની માન્યતા આપ્યાનું.

૨(૨૧)જુદા જુદા વિષયોની અભ્યાસસમિતિના અધ્યક્ષો પૈકી ૧૮ અધ્યક્ષોની ફરતા ક્રમે એકેડેમિક કાઉન્સિલ પર નિયુકતની જે જોગવાઇ યુનિવર્સિટી ધારાની કલમ-૨૧(I)(vi) તથા સ્ટે.૯૧-એની જોગવાઇઓને આધીન ૦૪-૦૭-૧૩થી અમલમાં આવે તે રીતે જુદા જુદા વિષયોનો અભ્યાસક્રમ મુજબ ૧૮ અધ્યક્ષોની નિયુકિત એકેડેમિક કાઉન્સિલના સભ્યપદે નિમણૂંક કર્યાનું.

૨(૨૨)તબીબી વિધાશાખાની તા.૨૫-૦૪-૨૦૧૩ની મીનટસ મંજૂર કર્યાનું તેમજ તે અંગેની આનુષાંગિક કાર્યવાહી કર્યાનું.

૨(૨૩)Joint Board of Law દ્વારા તૈયાર કરાયેલ LL.B.માં સેમેસ્ટર ૫ અને ૬ સેમેસ્ટરનો Syllabus તેમજ ૧ થી ૪ સેમેસ્ટરનો અપગ્રેડ સીલેબસ અને LL.M.નાં Revised Ordience મંજૂર કર્યાનું તેમજ તેનો અમલ કર્યાનું.

૨(૨૪)શ્રીમતી એન.એચ.એલ.મ્યુનિ.મેડિકલ કોલેજ ખાતે પી.જી.મેડિકલમાં NRI સીટ પર પ્રવેશ અંગે બંસરી કમલેશભાઇ પટેલે સ્ટેટ ઓફ ગુજરાત સામે નામ.હાઇકોર્ટમાં કરેલ પીટીશન SCA No.૯૦૫૬/૨૦૧૩ અંગે યુનિવર્સિટીવતી એડવોકેટશ્રી રાકયાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું.

૨(૨૫). યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રીના કાર્યાલયમાં જુનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતાં શ્રી નીરવ જી.વ્યાસને ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ ટીચર્સ એજયુકેશન,ગાંધીનગર ખાતે મદદનીશ કુલસચિવની જગ્યાએ નિમણૂંક થતાં ત્રણ માસનો નોટિસ પે વેવ કરી તા.૭-૮-૨૦૧૩ના રોજ કાર્યાલય સમય બાદ ફરજ મુકત કર્યાનો તેમજ તા.૮-૮-૨૦૧૩ થી તા.૭-૮-૨૦૧૪ સુધી એક વર્ષ માટેની લીયન અંગેની અરજી ગ્રાહય રાખ્યા અંગેનું.

૨(૨૬) યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં મદદનીશ કુલસચિવ તરીકે ફરજ બજાવતાં ડૉ.માતાપ્રસાદ ડી.પાંડેને ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ ટીચર્સ એજયુકેશન,ગાંધીનગર ખાતે પરીક્ષા નિયામકની જગ્યાએ નિમણૂંક થતાં ત્રણ માસનો નોટીસ પે વેવ કરી તા.૩૦-૮-૨૦૧૩ના રોજ કાર્યાલય

સમય બાદ ફરજ મુકત કર્યાનો તેમજ તા.૩૧-૮-૨૦૧૩ થી તા.૩૦-૮-૨૦૧૪ સુધી એક વર્ષ માટે લીયન અંગેની અરજી ગ્રાહય રાખ્યા અંગેનું.

૨(૨૭)એકિઝકયુટીવ કાઉન્સિલની તા.૨૮-૯-૦૮ બા.ક્ર.૨૧માં ઠરાવ્યા મુજબ શ્રી વિજય પરમારને આ કાર્યાલયના તા.૨૯-૯-૦૮ના હુકમથી ભાષા સાહિત્ય ભવનની સિનિયર કલાર્કની જગ્યાની ફરજ પરથી મોકુફ કરવામાં આવ્યા હતા ત્યારબાદ ટ્રીબ્યુનલે આપેલ ચુકાદા તથા તેઓશ્રીએ આપેલ તા.૧-૨-૨૦૧૦ની અરજીને ધ્યાનમાં લઇ માન.કુલપતિશ્રીના આદેશાનુસાર ભાષા સાહિત્ય ભવનમાં મૂળ જગ્યાએ ફરજ પર હાજર કર્યા અંગેનું.

૨(૨૮)કે.એસ.સ્કુલ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ ખાતે તા.૩ તથા ૪ જુલાઇ-૨૦૧૩ના રોજ વોક ઇન

ઇન્ટરવ્યુ રાખવામાં આવેલ જેની સિલેકશન કમિટીએ જુદી જુદી જગ્યાઓ માટે શોર્ટ લીસ્ટ કરેલ ઉમેદવારોને અગિયાર માસના કરાર આધારિત નિમણૂંક પત્રો આપવામાં આવેલ છે, કુલ ૨૬ ઉમેદવારોને નિમણૂંક પત્ર પાઠવેલ તેમાંથી ૨૫ ઉમેદવારો તેમની જગ્યા ઉપર હાજર કર્યા અંગેનું.

**ઠરાવ: આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલા ઉપરોક્ત ક્રમાંક ૨(૧) થી ૨(૨૮) સુધીના કાર્યોની નોંધ લેવી.**

બા.ક્ર.૩.તા.૨૦-૯-૨૦૧૩ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

+

**ઠરાવ:આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત સભાની ભલામણોનો સ્વીકાર કરવો.**

બા.ક્ર.૪.યુ.જી.સી.રેગ્યુલેશન ૨૦૧૦ અને ગવર્નમેન્ટ ઓફ ગુજરાત એજયુકેશનનો ઠરાવ નં-એનજીસી /૧૧૨૦૦૯ /૩૭૩૪ / ખ. તા.૧૧-૧૨-૦૯ અને એનજીસી /૧૧૨૦૦૯/ ૩૭૩૪/ખ. (પાર્ટ ફાઇલ) તા.૪-૧૨-૨૦૦૯ તથા એનજીસી/૧૧૨૦૧૦/૨૧૩૮/ખ.તા.૧૭-૮-૨૦૧૦ અને એનજીસી/ ૧૦૨૦૧૧/ ૧૦૫૦/ખ.તા.૨૭-૪-૨૦૧૧ ECના ઠરાવ નં-૨(૭૪)EC - તા.૧૫-૨-૨૦૧૩ તથા ઠરાવ નં-૨૦ EC તા.૬-૯-૨૦૧૩ અન્વયે આસિસ્ટન્ટ પ્રોફેસર સ્ટેજ ૧ to Stage ૨,Stage ૨ to Stage ૩ માટેની સ્ક્રીનીગ કમિટીની મીનીટસ (૧ થી ૨૦) Assistant Professorની યાદી આ સાથે સામેલ છે, જેના ઉપર વિચારણા કરવા બાબત.

(સ્ક્રીનીંગ કમિટીની મીનીટસ **પરિશિષ્ટ- ૧** તરીકે સામેલ છે. )

**ઠરાવ: આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત સ્કિનીંગ કમિટીની મીનીટસ સ્વીકારવાનું રાખવું.**

બા.ક્ર.૫.યુનિવર્સિટી પરીક્ષા વિભાગ ખાતે આવેલ તમામ ઓફિસ રજીસ્ટરનું (OR) ડીઝીટીલાઇઝેશન કરવા અંગે યુનિવર્સિટીની સ્થાપનાથી આજ સુધી લેવામાં આવેલી પરીક્ષાઓમાં બેઠેલા વિધાર્થીઓના પરિણામો અંગેના હજારોની સંખ્યામાં આવેલ ઓફિસ રજીસ્ટરના રેકોર્ડનું ડીઝીટીલાઇઝેશન કરવા કે જેથી ઉપરોકત રજીસ્ટરમાં રહેલ વિગતો સરળતાથી જરૂરિયાત મુજબ ઉપલબ્ધ થઇ શકે. જેના ઉપર વિચારણા કરવા બાબતે.

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત તમામ રેકોર્ડનું ડીઝીટીલાઇઝેશન કરવાનું રાખવું અને તે કામગીરી ટેન્ડરની પ્રક્રિયા ધ્વારા હાથ ધરવાનું રાખવું.**

બા.ક.૬.ગુજરાત યુનિવર્સિટી ખાતે ERP બેઝડ સોફ્ટવેર સોલ્યુશન ખરીદવા અંગે યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં થતાં જુદી જુદી પ્રકારના કર્યો જેવા કે વિધાર્થીઓનો પ્રવેશ, હાજરી, પરીક્ષાને લગતા વિવિધ કાર્યો તથા હિસાબ વિભાગને લગતાં ફી, એકાઉન્ટીંગ, લેઝર, ઇ. તેમજ ઓફિસ ઓટોમેશન વિ. કાર્યો કરવા અર્થે સેન્ટ્રલાઇઝડ ERP બેઝડ સોફ્ટવેરની ખરીદી અર્થે વિચારણા કરવા બાબત.

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત તમામ કાર્યો માટે સેન્ટ્રલાઇઝડ ERP બેઝડ સોફ્ટવેરની ખરીદી ટેન્ડરની પ્રક્રિયા ધ્વારા હાથ ધરવાનું રાખવું.**

બા.ક.૭.શ્રીમતી વૈશાલીબેન પઢીયાર, ડેવલપમેન્ટ ઓફિસરે ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (IIT) ગાંધીનગર ખાતે ડેપ્યુટી રજીસ્ટ્રારની જગ્યા માટે કરેલી અરજી પરત્વે ડાયરેકટર,આઇ.આઇ.ટી. ગાંધીનગર તરફથી બે વર્ષના ડેપ્યુટેશનથી ડેપ્યુટી રજીસ્ટ્રારની જગ્યાએ તા.૨૨-૭-૨૦૧૩ના રોજ નિમણૂંકપત્ર ઇસ્યુ કરતાં તેઓએ આઇ.આઇ.ટી.ગાંધીનગર ડેપ્યુટી રજીસ્ટ્રારની જગ્યાએ જોડાવવા બે વર્ષનો લીયન મંજૂર કરવા કરેલ અરજી તેમજ તા.૪-૧૦-૨૦૧૩ ના રોજ ડેવલપમેન્ટ ઓફિસરની જગ્યાએથી ફરજ મુકત કરવા કરેલ વિનંતીપત્ર સંદર્ભે ચર્ચા વિચારણા કરવા.

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત વિનંતી પરત્વે નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવાનું રાખવું.**

બા.ક.૮.૧૯૭૭માં થયેલ ECના ઠરાવ મુજબ જે કર્મચારીઓને જાહેર તહેવારોના દિવસોમાં ફરજ પર બોલાવવામાં આવે છે, તેઓને તે દિવસ પૂરતી મૂળમાસિક પગાર+મોંઘવારી ભથ્થાની સરેરાશની એક દિવસ જેટલી રકમ વધારાના વેતન તરીકે આપવામાં આવે છે, જે સંદર્ભે મધ્યસ્થ ગ્રંથાલય તો જાહેર તહેવારોમાં બંધ રાખેલ છે, પરંતુ સરદાર વાંચન કેન્દ્ર વિધાર્થીઓની વાંચન સુવિધાર્થે ચાલુ રાખવામાં આવતુ હતું, જેમા આવતા કર્મચારીઓને ECના ઠરાવ મુજબ વેતન ચુકવવામાં આવતુ હતુ, તે સંદર્ભમાં આ વેતનની/મહેનતાણાંની યુનિવર્સિટી પર આર્થિક ભારણ પડતુ હોવાથી વાંચન કેન્દ્રો પણ બંધ રાખવા સંદર્ભે નિર્ણયનો અમલ કર્યાનું અથવા વિધાર્થીઓના હિતમાં ફેર વિચારણા કરવા બાબત તેમજ ECના નિયમાનુસાર વેતન ચુકવવા બાબત.

(આ સાથે કર્મચારીઓની જાહેર તહેવારના સંદર્ભમાં આવેલ અરજીની નકલ **પરિશિષ્ટ- ૨** તરીકે સામેલ છે.)

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે વિધાર્થીઓની વાંચન સુવિધાર્થે યુનિવર્સિટી ખાતેનું મધ્યસ્થ ગ્રંથાલય તેમજ સરદાર વાંચન કેન્દ્ર જાહેર તહેવારોમાં ચાલું રાખવું અને તેમાં ફરજ બજવતા કર્મચારીઓને એકિઝકયુટિવ કાઉન્સિલના ઉપરોકત ઠરાવ મુજબ વધારાનું મહેનતાણું ચુકવવાનું રાખવું.**

બા.ક.૯.ગુજરાત યુનિવર્સિટી હેન્ડબુક ઓર્ડિનન્સ-૨૨ અન્વયે ગ્રંથાલય સમિતિમાં Executive Council દ્રારા ત્રણ સદરસ્યશ્રીઓની નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(The Library Commitee O.૨૨ની નકલ આ સાથે **પરિશિષ્ટ- ૩** તરીકે બિડાણ કરેલ છે.)

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલય સમિતિમાં ત્રણ સદસ્યશ્રીઓની નિમણુંક કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.**

બા.ક્ર:૧૦: ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્પોર્ટસની સભા યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમા બાબત નં-૯ના ઠરાવ નં-૫ જુદી જુદી રમતોની યોજાતી આંતર-યુનિવર્સિટી હરીફાઇઓમાં ભાગ લેવા જનાર ગુજરાત યુનિવર્સિટી ટીમના ખેલાડીઓ અને કોચ/મેનેજરને આપવામાં આવતા ભથ્થા હાલની મોંઘવારીની પરિસ્થિતિને જોતા દૈનિક ભથ્થામાં નીચે મુજબનો સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિગત | હાલનો દર | નવો સુધારેલ દર |
|---|---|---|---|
| ૧ | કોચ/મેનેજર | રૂ.૨૫૦/- | રૂ.૫૦૦/- |
| ૨ | ખેલાડી | રૂ.૨૦૦/- | રૂ.૩૦૦/- |

**ઠરાવ: આથી ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટી હરીફાઇઓમાં ભાગ લેતા ગુજરાત યુનિવર્સિટી ટીમના કોચ/મેનેજરને આપવામાં આવતા દૈનિક ભથ્થાના હાલના દર રૂ.૨૫૦/- થી વધારીને રૂ.૫૦૦/- અને ખેલાડીને આપવામાં આવતા દૈનિક ભથ્થાના હાલના દર રૂ.૨૦૦/- થી વધારીને રૂ.૪૦૦/- કરવાનું રાખવું.**

બા.ક્ર.૧૧. યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓને ઉચ્ચ શિક્ષણના પત્રક્રમાંક-કવટ/વટ/૨૦૦૭ તા.૧૦-૯-૦૭ અન્વયે GCSR/BCSRનાં નિયમો લાગુ પાડી હકક રજા આપવાનું બંધ કરેલ છે, (E.C.બાબત ક્રમાંક-(૧૫) તા.૨૪-૧૦-૦૭ પરંતુ (૧)વીરનર્મદ યુનિવર્સિટી, સુરત તથા (૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતેથી આવેલ પત્રો જે આ સાથે સામેલ છે, પત્રોમાં જણાવ્યા પ્રમાણે શૈક્ષણિક કર્મચારીને ૧૨ હકક રજા અને ૨૦ અર્ધપગારી રજાનો લાભ આપવામાં આવે છે, તો ઉપરોકત પત્રો અન્વયે શૈક્ષણિક કર્મચારીઓને હકક રજાનો લાભ આપવા અંગે વિચારણા કરવા બાબત.

**ઠરાવ: આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબતે તેમજ નોન-વેકેશનલ હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટને ત્રણ દિવસે એક રજા આપવા સહિતની બાબતો પરત્વે ચર્ચાવિચારણા કરીને અહેવાલ આપવા નીચેના સભ્યશ્રીઓની સમિતિ નીમવાનું રાખવું.**

| | |
|---|---|
| **(૧) ડૉ. એન. ડી. શાહ** | **(૨) ડૉ. દિગ્વિજયસિંહ ગોહેલ** |
| **(૩) ડૉ. કે. સી. રાવલ** | **(૪) પ્રો. વિજયાલક્ષ્મી ચારી** |

બા.ક્ર.૧૨.યુનિવર્સિટીના વિધાર્થીઓ/વિધાર્થીનીઓની હોસ્ટેલોના રીપેરીંગ અંગે માન.કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

નોંધ-સ્થાનિક તપાસસમિતિની તા.૧૨-૯-૨૦૧૩ની મુલાકાત અંગેનો અહેવાલ **પરિશિષ્ટ- ૪** તરીકે સામેલ છે.

**ઠરાવ: આથી ઠરાવવામાં આવે છે કે સ્થાનિક તપાસ સમિતિનો ઉપરોકત અહેવાલ સ્વીકારવો અને તદ્નુસાર તાકિદે તેનો અમલ કરીને યુનિવર્સિટી હોસ્ટેલોના રીપેરીંગના તમામ કામો વિનાવિલંબે પૂર્ણ કરવાનું રાખવું.**

બા.ક્ર.૧૩.નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૩ તથા એપ્રિલ-મે ૨૦૧૪ની પરીક્ષા માટે ઉત્તરવહી છાપકામના ટેન્ડરની શરતોમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

બિડાણ- આ સાથે ટેન્ડરની શરતો **પરિશિષ્ટ-૫** તરીકે સામેલ છે.

ઠરાવ: આથી ઠરાવવામાં આવે છે કે જુના ટેન્ડર પ્રમાણે જ આ વર્ષે ટેન્ડર બહાર પાડી આનુષંગિક કાર્યવાહી કરવાનું રાખવું. વધુમાં ઠરાવવામાં આવ્યું કે હાલના સ્ટોકને ધ્યાને રાખી મુખ્ય ઉત્તરવહી ૩૦ લાખ, પૂરવણી ૨૦ લાખ તથા ખાખી સ્ટીકર ૩૫ લાખ છપાવવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

Rajesh

આર. જે. પટેલ
કા.કુલસચિવ

નં: એકેડેમિક/176 /૨૦૧૩
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯.
તા.૨૦-૦૯-૨૦૧૩

1

# Stage 1 to Stage 2

| Sr. No. | Name of Faculty | Name of Department | Name of Members |
|---|---|---|---|
| 1. | Dr. A. J. Vasava | Gujarati | 1. Hon. Vice Chancellor : Dr.Mukul Shah<br>2. Dean of the Faculty :Dr.Dharamsinh Desai<br>3. Director School : Dr.V.M.Bhatt<br>4. Head of the Department : Dr.Kirtida Shah<br>5. Subject Expert : Dr.Param Pathak |
| 2. | Dr. Alpa Mehta | Labour Welfare | 1. Hon. Vice Chancellor : Dr.Mukul Shah<br>2. Dean of the Faculty :Dr.Dharamsinh Desai<br>3. Director School : Dr.A.B.Shah<br>4. Head of the Department : Dr.Rajasi Clerk<br>5. Subject Expert : Dr.Ramesh Vaghani |
| 3. | Dr. Chetana Parmar | Commerce | 1. Hon. Vice Chancellor : Dr.Mukul Shah<br>2. Dean of the Faculty : Dr.N.D.Shah<br>3. Director School : Dr.V.Chari<br>4. Head of the Department : Dr.V.Chari<br>5. Subject Expert : Prof. Sandeep Bhatt |
| 4. | Dr. D. D. Jhala | Zoology | 1. Hon. Vice Chancellor : Dr.Mukul Shah<br>2. Dean of the Faculty : Dr.N.K.Shah<br>3. Director School : Dr.S.R.Dave<br>4. Head of the Department : Dr.M.V.Rao<br>5. Subject Expert : Prof. P.C.Mankodi |
| 5. | Dr. R. V. Devkar | Zoology | 1. Hon. Vice Chancellor : Dr.Mukul Shah<br>2. Dean of the Faculty : Dr.N.K.Shah<br>3. Director School : Dr.S.R.Dave<br>4. Head of the Department : Dr.M.V.Rao |

| | | | |
|---|---|---|---|
| | | | 5. Subject Expert : Prof. P.C.Mankodi |
| 6. | Dr. D. R. Tipre | Microbiology | 1. Hon. Vice Chancellor : Dr.Mukul Shah<br>2. Dean of the Faculty : Dr.N.K.Shah<br>3. Director School : Dr.S.R.Dave<br>4. Head of the Department : Dr.S.R.Dave<br>5. Subject Expert : Prof. K.C.Patel |
| 7. | Dr. Harjinder Kaur | Chemistry | 1. Hon. Vice Chancellor : Dr.Mukul Shah<br>2. Dean of the Faculty : Dr.N.K.Shah<br>3. Director School : Dr.S.R.Dave<br>4. Head of the Department : Dr.N.K.Shah<br>5. Subject Expert : Prof. H.S.Patel |
| 8. | Dr. Hardik Joshi | Computer Science | 1. Hon. Vice Chancellor : Dr.Mukul Shah<br>2. Dean of the Faculty : Dr.N.K.Shah<br>3. Director School : Dr.S.R.Dave<br>4. Head of the Department : Dr.Savita Gandhi<br>5. Subject Expert : Dr.Bhusan Trivedi |
| 9. | Dr. Hiren Joshi | Computer Science | 1. Hon. Vice Chancellor : Dr.Mukul Shah<br>2. Dean of the Faculty : Dr.N.K.Shah<br>3. Director School : Dr.S.R.Dave<br>4. Head of the Department : Dr.Savita Gandhi<br>5. Subject Expert : Dr.Bhusan Trivedi |
| 10. | Dr. H. M. Pandya | Sanskrit | 1. Hon. Vice Chancellor : Dr.Mukul Shah<br>2. Dean of the Faculty :Dr.Dharamsinh Desai<br>3. Director School : Dr.V.M.Bhatt<br>4. Head of the Department : Dr.V.M.Bhatt<br>5. Subject Expert : Prof.S.D.Zala |

| | | | | |
|---|---|---|---|---|
| 11. | Dr. M. H. Khatik | Political Science | 1. Hon. Vice Chancellor<br>2. Dean of the Faculty<br>3. Director School<br>4. Head of the Department<br>5. Subject Expert | : Dr.Mukul Shah<br>:Dr.Dharamsinh Desai<br>: Dr.A.B.Shah<br>: Dr.S.V.Zala<br>: Dr.Pushpa Motiyani |
| 12. | Dr. S. K. Patel | Mathematics | 1. Hon. Vice Chancellor<br>2. Dean of the Faculty<br>3. Director School<br>4. Head of the Department<br>5. Subject Expert | : Dr.Mukul Shah<br>: Dr.N.K.Shah<br>: Dr.S.R.Dave<br>: Dr.A.K.Desai<br>: Prof.A.B.Patel |
| 13. | Dr. S. M. Vyas | Physics | 1. Hon. Vice Chancellor<br>2. Dean of the Faculty<br>3. Director School<br>4. Head of the Department<br>5. Subject Expert | : Dr.Mukul Shah<br>: Dr.N.K.Shah<br>: Dr.S.R.Dave<br>: Prof. P.N.Gajjar<br>: Prof. H.H.Joshi |

## Stage 2 to Stage 3

| Sr. No. | Name of Faculty | Name of Department | Name of Members | |
|---|---|---|---|---|
| 1. | Dr. C. B. Koli | Gujarati | 1. Hon. Vice Chancellor | : Dr.Mukul Shah |
| | | | 2. Dean of the Faculty | :Dr.Dharamsinh Desai |
| | | | 3. Director School | : Dr.V.M.Bhatt |
| | | | 4. Head of the Department | : Dr.Kirtida Shah |
| | | | 5. Subject Expert | : Prof. Param Pathak |
| 2. | Dr. C. G. Brahmbhatt | Academic Staff College | 1. Hon. Vice Chancellor | : Dr. Mukul Shah |
| | | | 2. Dean of the Faculty | : Dr.N.K.Shah |
| | | | 3. Director School | : Dr.S.R.Dave |
| | | | 4. Head of the Department | : Dr.B.M.Brahmbhatt |
| | | | 5. Subject Expert | : Prof. A.B.Patel |
| 3. | Dr. N. P. Shrimali | Mathematics | 1. Hon. Vice Chancellor | : Dr. Mukul Shah |
| | | | 2. Dean of the Faculty | : Dr.N.K.Shah |
| | | | 3. Director School | : Dr.S.R.Dave |
| | | | 4. Head of the Department | : Dr.A.K.Desai |
| | | | 5. Subject Expert | : Prof. A.B.Patel |
| 4. | Dr. Nisha Rampal | Hindi | 1. Hon. Vice Chancellor | : Dr.Mukul Shah |
| | | | 2. Dean of the Faculty | :Dr.Dharamsinh Desai |
| | | | 3. Director School | : Dr.V.M.Bhatt |
| | | | 4. Head of the Department | : Dr.Ranjana Argade |
| | | | 5. Subject Expert | :Dr.Shailaja Bharadwaj |
| 5. | Dr. Nutan Kotak | English | 1. Hon. Vice Chancellor | : Dr.Mukul Shah |
| | | | 2. Dean of the Faculty | : Dr.Dharamsinh Desai |
| | | | 3. Director School | : Dr.V.M.Bhatt |
| | | | 4. Head of the Department | : Dr.Darshana Trivedi |

| | | | |
|---|---|---|---|
| | | | 5. Subject Expert : Prof. Rakesh Desai |
| 6. | Dr. T. P. Solanki | Economics | 1. Hon. Vice Chancellor : Dr.Mukul Shah<br>2. Dean of the Faculty : Dr.Dharamsinh Desai<br>3. Director School : Dr.A.B.Shah<br>4. Head of the Department : Dr.K.M.Bhatt<br>5. Subject Expert :Dr.Nimisha Shukla |
| 7. | Dr.C.V.Vyas | Chemistry | 1. Hon. Vice Chancellor : Dr.Mukul Shah<br>2. Dean of the Faculty : Dr.N.K.Shah<br>3. Director School : Dr.S.R.Dave<br>4. Head of the Department : Dr.N.K.Shah<br>5. Subject Expert : Prof. H.S.Patel |

૨૫/૭/૧૩

E.C. No. ૨૦૧/૫૩


ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય
આવક નંબર :- [illegible]
તારીખ :- ૩૧/૭/૧૩
ફાઇલ :- ક્રિ. ગ્રંથપાલશ્રી


પ્રતિ,
કાર્યકારી ગ્રંથપાલશ્રી,
ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,
અમદાવાદ.

સવિનય જણાવવાનું કે ગુજરાત યુનિવર્સિટીના પત્રાંક No.GUL/310/2013, તા.૨૦/૬/૨૦૧૩ની નોંધ મુજબ સરદાર વાંચન કેન્દ્રને મધ્યસ્થ ગ્રંથાલય અને સરસપુર વાંચન કેન્દ્રની જેમ જાહેર રજાઓમાં બંધ રાખવાની સર્વે કર્મચારીની અરજ છે.

આભાર સહ...

ગ્રંથાલયના સર્વે કર્મચારીઓ

| ક્રમ | નામ | હોદ્દો | સહી |
|---|---|---|---|
| ૧ | શ્રી એ.એન.ભાવસાર | પ્રોફે. આસિ. | Bhavsar |
| ૨ | ડૉ કે.આર.વાસણાવાળા | પ્રોફે.આસિ. | Vasnawala |
| ૩ | શ્રીમતી એમ.બી.પટેલ | ટેક.આસિ | [illegible] |
| ૪ | શ્રીમતી વી.ડી.વ્યાસ | ટેક.આસિ. | [illegible] |
| ૫ | શ્રી એચ.જે.ગોવિંદાણી | ડિસ. રાઇડર | [illegible] |
| ૬ | શ્રી ડી.એમ.વાઘેલા | ડિસ. રાઇડર | [illegible] |
| ૭ | શ્રી આર.જી.પરમાર | ડિસ. રાઇડર | [illegible] |
| ૮ | શ્રી બી.એન.સોલંકી | ડિસ. રાઇડર | [illegible] |
| ૯ | શ્રી ડી.એચ. નાઇ | પટાવાળા | ડી. એચ. નાઇ |
| ૧૦ | શ્રી જે.એન.ગવલી | પટાવાળા | JNG |
| ૧૧ | શ્રી એમ.આર.પારઘી | પટાવાળા | |
| ૧૨ | શ્રી એ.એસ.વાઘેલા | પટાવાળા | [illegible] |
| ૧૩ | શ્રી આઇ.એમ.દેસાઇ | પટાવાળા | |
| ૧૪ | શ્રી એમ.એલ.સોમૈયા | પટાવાળા | |
| ૧૫ | શ્રી એચ.બી.ભરવાડ | પટાવાળા | |
| ૧૬ | શ્રી જે.એમ.વાઘેલા | પટાવાળા | [illegible] વાઘેલા |
| ૧૭ | શ્રી એફ.જી.વાઘેલા | સફાઇ કામદાર | [illegible] |
| ૧૮ | શ્રી એમ.એન.ચૌહાણ | સફાઇ કામદાર | |
| ૧૯ | શ્રી એમ.કે.વાઘેલા | સફાઇ કામદાર | |

નોંધ

૧) ગ્રંથાલયમાં જો મધ્યસ્થ વાંચન કેન્દ્રમાં [illegible] ઉપર બોલાવવામાં આવે તો [illegible]

[illegible]

(PTO) →

ક્રમ ૧ થી ની અધ્યાપકોના નામો દાખલ કરી ની અધ્યાપક ફરજ
આગળ પુરાવી ફરજ વિદ્યાર્થીઓની વાંચનાલયમાં ફાળવવામાં
આવે છે અને ૭ ને ગુરુવાર પૂરા દિવસની રહે. રજુ. 

~~[illegible] ફરજીયાત નીચે~~

(૨) આની તમામ કર્મચારીઓની ફરજના નિયમાનુસાર નિમણૂક અધિકારીની તેમજ અધિકારીઓની મર્યાદા આ પ્રમાણે રજૂ કરીએ

| ક્રમ | નામ | હોદ્દો | સહી |
|---|---|---|---|
| ૧ | શ્રી પી. એન. ભાવસાર | | |
| ૨ | ડૉ. કે. આર. વાસાવડા | પ્રોફેસર આચાર્ય | Vasavada KR |
| ૩ | શ્રીમતી એમ. બી. પરીખ | રે. ગ્રા. | એમ બી પરીખ |
| ૪ | " બી. ડી. દવેરા | રે. ગ્રા. | [signature] |
| ૫ | શ્રી એચ. જે. ગોસ્વામી | સિ. ક્લાર્ક | |
| ૬ | શ્રી પી. એમ. વાઘેલા | " | પી. એમ. વાઘેલા |
| ૭ | શ્રી બી. એન. સોલંકી | " | બી.એન. સોલંકી |
| ૮ | શ્રી આર. જી. પરમાર | " | [signature] |
| ૯ | શ્રી કે. એચ. વાઘેલા | પટાવાળા | |
| ૧૦ | શ્રી પી. એસ. રાઠોડ | " | પી. એસ. [signature] |
| ૧૧ | શ્રી એમ. એલ. મોગરીયા | " | Mamat L S. |
| | શ્રી એમ. આર. પારઘી | " | |
| | શ્રી જે. એન. જાદવ | " | J. N. J. |
| | શ્રી રાવ. એમ. દેસાઈ | પટાવાળા | [signature] |
| | શ્રી જે. એમ. વાઘેલા | પટાવાળા | |
| | શ્રી કે. જી. વાઘેલા | સફાઈ કામદાર | [signature] |
| | શ્રી એમ. એન. ઓઝા | " | M.N.O. M.K.V |
| | શ્રી એમ. કે. વાઘેલા | " | |

E.C. No.201 (4/93)

Annex. 2

### (3) The Library Committee

O. 22 :

The Library Committee shall consist of the Vice-Chancellor, the Pro-Vice-Chancellor, Deans of Faculties, Heads of the University Schools, the University Librarian if any and three members to be nominated by the Executive Council.

O. 23 :

The Vice-Chancellor, [illegible] absence the Pro-Vice-Chancellor or in the absence of both, a member elected by the meeting shall preside at the meeting of the Committee. The oldest amongst the Deans present shall take the chair for and until such election only.

O. 24 :

The members of the Committee shall hold office for three years and may be reappointed. The office of a member of the Library Committee shall be vacated by death, resignation, or by the member being absent from four consecutive meetings. Any vacancy on the Committee shall be filled up by the Executive Council.

O. 25:

The Committee shall meet twice in every term, sometimes in July, October, December and March and at other times when convened by the Chairman or in his absence, by the senior member of the Committee. But the Chairman shall on the requisition of not less than six members of the Committee, convene a meeting within fifteen days of the receipt of the requisition.

O. 26:

Six members of the Committee shall be the quorum for a meeting of the Committee.

O. 27:

All questions shall be decided by majority of votes of the members present. The Chairman shall have a vote, and in the case of an equality of votes, he shall have second or casting vote.

O. 28:

*(i)* The Library Committee shall, subject to the control of the Executive Council manage the Library and advise the Executive Council on any matter connected with the Library referred to it by the Executive Council. In particular and without prejudice to the generality of the foregoing power, the Committee shall have power to make recommendations to the Executive Council;

*(a)* as to the administration of the funds set apart for the Library;
*(b)* as to appointment of the staff of the Library including the librarian; and
*(c)* other matters connected with the Library.

*(ii)* The Committee shall report to the Executive Council for information, the purchase of books and disposal of such books as in the opinion of the Committee, are either worthless, unserviceable or otherwise useless. For the purpose of this Ordinance, books shall include manuscripts and periodicals.

*(iii)* The Library Committee shall have the power to make rules governing the use of the Library from time to time, and to amend them. Such rules, and any changes made therein, shall be reported to the Executive Council.

O. 29 :

The Library Committee shall keep an account of all Funds provided for the purposes of the Library, and forward a statement of such accounts to the Registrar, for submission to the Executive Council every three months.

O. 30 :

There shall be a separate account in the Bank under the name of 'Library Account'.

O. 31 :

All bills in respect of books purchased for the Library shall be verified and checked by the Librarian.

O. 32 :

All cheques shall be signed by the Registrar after he has satisfied himself that the amounts entered in them are as they are in the bills.

E.C. તા.૨૦/૯/૧૩
બાબત: ૭૯
પરિશિષ્ટ-૪

## વિદ્યાર્થીભાઈઓ માટેની યુનિવર્સિટી હોસ્ટેલના રીપેરીંગ માટેની સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ.

કુલપતિશ્રીના આદેશ અનુસાર તા. 12/09/2013ને ગુરુવારને રોજ બપોરે 2:30 કલાકથી 4:30 કલાક સુધી ગુજરાત યુનિવર્સિટી બોયઝ હોસ્ટેલની મુલાકાત હોસ્ટેલના રીપેરીંગ માટે સ્થાનિક તપાસ સમિતિના સભ્યોએ લીધી હતી. આ તપાસ સમિતિમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા.

1) ડૉ. એન.ડી.શાહ ડીન : કોમર્સ વિદ્યાશાખા તેમજ સીન્ડીકેટ સભ્ય
2) શ્રી ધુમિલભાઈ પટેલ સીન્ડીકેટ સભ્ય
3) ડૉ. ધવલભાઈ પટેલ સીન્ડીકેટ સભ્ય
4) ડૉ. પંકજભાઈ ઠાકર સેનેટ સભ્ય

સ્થાનિક તપાસ સમિતિના સભ્યો ઉપરાંત હોસ્ટેલ તરફથી ચીફ વોર્ડન ડૉ. અમૃતભાઈ ભરવાડ, વોર્ડનશ્રી પ્રવિણભાઈ પટેલ તેમજ આસિસ્ટન્ટ વોર્ડન શ્રી અશોકભાઈ ચાવડા સ્થળ ઉપર હાજર રહ્યા હતા.

સ્થાનિક તપાસ સમિતિના સભ્યો ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી એસ્ટેસ્ટ વિભાગમાંથી નીચેના સભ્યો હાજર રહ્યા હતા.

1) શ્રી દર્શનસિંહ સોલંકી. યુનિ. એન્જીનીયર
2) શ્રી શૈલેશ ડી. ગોસ્વામી ડે. એન્જીનીયર (ઈલે.)
3) શ્રી યશભાઈ પરીખ ડે. એન્જીનીયર (સિવિલ)
4) શ્રી મહેન્દ્રભાઈ પટેલ વર્કશોપ સુપ્રિ.
5) શ્રી એચ.પી. ચૌહાણ સિક્યોરીટી ઓફિસર
6) શ્રી વી.એમ.વણકર આસી. સિક્યોરીટી ઓફિસર

સ્થાનિક તપાસ સમિતિના તમામ સભ્યોએ યુનિ. બોયઝ હોસ્ટેલના તમામ બ્લોકની રૂબરૂ મુલાકાત લઈ રીપેરીંગ માટેના નીચે મુજબના જરૂરી સુચનો કર્યા છે.

1) હોસ્ટેલના તમામ બ્લોકમાં વરસાદ દરમ્યાન ધાબામાંથી સૌથી ઉપરના માળમાં પાણી પડે છે જેના પરિણામે તે રૂમમાં વિદ્યાર્થીઓ તે સમય દરમ્યાન રહી શકે તેમ નથી. વરસાદના પાણીથી પંખા પણ બગડી જાય છે. આ સંજોગોમાં તમામ બ્લોકના ધાબામાં વોટરપ્રૂફીંગ કરી ચાઈના મોઝેક કરવાની તાતિ જરૂરિયાત છે.

2) હોસ્ટેલના વિદ્યાર્થીઓને રાત્રે ૯ થી સવારના ૬ દરમ્યાન બાથરૂમમાં પાણી મળતુ નથી. આ સંજોગોમાં યુનિવર્સિટી બોયઝ હોસ્ટેલ માટે અલગ બોર બનાવી અંડરગ્રાઉન્ડ તેમજ ઓવરહેડ ટેન્ક બનાવી જેથી હોસ્ટેલના બાથરૂમ-સંડાસમાં 24 કલાક પાણી મળી રહે.

3) હોસ્ટેલના તમામ બ્લોકમાંજે બાથરૂમ-સંડાસ આવેલ છે તેમા તેના સ્લેબમાંથી સળિયા દેખાઈ રહ્યા છે. પાઈપોમાં લીકેજ છે. ગટરોમાં કેટલીક જગ્યાએ બ્લોકેજ છે. આ સંજોગોમાં હોસ્ટેલના બ્લોકના બાથરૂમ-સંડાસના સ્લેબ વ્યવસ્થિત રીતે રીપેર કરાવી નવું પ્લાસ્ટર કરી પ્લમ્બિંગ તેમજ ગટરનું કામ નવેસરથી કરી તમામ બાથરૂમ-સંડાસમાં નવા ટાઈલ્સ નાખી તૈયાર કરવાની આવશ્યકતા છે. હોસ્ટેલના બ્લોકમાં બાથરૂમ-સંડાસનું રીપેરીંગ કરી તાત્કાલિક તૈયાર કરવા જરૂરી છે.

4) હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને પીવાના પાણી માટેની વ્યવસ્થા જે જગ્યાએ હોય તે જગ્યાએ સારા નળ હોવા જરૂરી છે તેમજ તે જગ્યાએ ગ્લેઝડ ટાઈલ્સ લગાવવા જેથી કરીને તેને સાફ કરી શકાય અને તે જગ્યાએ લીલ ન થાય.

5) હોસ્ટેલના તમામ બ્લોક્સમાં બહારથી પ્લાસ્ટરમાં મોટી તીરાડો પડી છે જેને પરિણામે અંદર રૂમમાં ભેજ આવે છે. બહારનું પ્લાસ્ટર નવું કરાવ્વું અથવા રીપેર કરાવી હોસ્ટેલની અંદર-બહાર નવો કલર તેમજ વ્હાઈટવોશ કરવો જરૂરી છે.

6) યુનિવર્સિટી ગ્રાઉન્ડમાં એક્ઝીબીશન વારંવાર થતા હોય છે તે જગ્યાએ ટોઈલેટની સુવિધા ન હોવાથી લોકો કોટ કુદી હોસ્ટેલના અ અને બ બ્લોકમાં પાણી પીવા તેમજ બાથરૂમના ઉપયોગમાટે આવે છે તેવું હોસ્ટેલના વોર્ડન તરફથી જણાવવામાં આવ્યુ છે. આ બાબતને ધ્યાનમાં લેતા હોસ્ટેલના અ અને બ બ્લોક તરફ ઊંચો કોટ અનુકૂળતાએ કરવો કે જેથી કરીને ગમેતે વ્યક્તિ હોસ્ટેલમાં આવે નહિ.

7) વરસાદના ભેજને કારણે હોસ્ટેલના રૂમના બારી-દરવાજા બંધ કરવા મુશ્કેલ બને છે. આ સંજોગોમાં સુથાર મુકી બારી-દરવાજાનું રીપેરીંગ કરી તેને કલર કરવા.

8) હોસ્ટેલમાં ફક્ત હોસ્ટેલ માટે કોન્ટ્રાક્ટથી પ્લમ્બર તેમજ ઈલેક્ટ્રીશ્યનની વ્યવસ્થા કરવી જરૂરી છે જેથી નાના-મોટા કામ તાત્કાલિક કરી શકાય.

9) હોસ્ટેલના નાના રીપેરીંગ માટે ચીફ વોર્ડન, વોર્ડન, આસિસ્ટન્ટ વોર્ડન, બે વિદ્યાર્થીઓ તેમજ યુનિ. એસ્ટેટ વિભાગના બે અધિકારીઓની કમિટી બનાવી જોઈએ જેથી કરી નાના રીપેરીંગ કામ તાત્કાલિક થઈ શકે.

ઉપરોક્ત તમામ સુચનો સ્થાનિક તપાસ સમિતિના તમામ સભ્યોએ સર્વાનુમતે કર્યા છે. રજીસ્ટ્રારશ્રી તેમજ કુલપતિશ્રી આ સુચનોને ધ્યાનમાં લઈ જરૂરી સત્તામંડળોની મંજુરી મેળવી યુનિ. નિયામાનુસાર તાત્કાલિક કાર્યવાહી કરે તેવી અમારી આગ્રહભરી વિનંતી છે.

1) ડૉ. એન.ડી.શાહ — ડીન : કોમર્સ વિદ્યાશાખા તેમજ સીન્ડીકેટ સભ્ય

2) શ્રી ધ્રુમિલભાઈ પટેલ — સીન્ડીકેટ સભ્ય

3) ડૉ. ધવલભાઈ પટેલ — સીન્ડીકેટ સભ્ય

4) ડૉ. પંકજભાઈ ઠાકર — સેનેટ સભ્ય

સ્થળ : અમદાવાદ

તા. : 13/09/2013

બો.ક્ર-13.
ઠરાવ તા- 20-9-2013.
પરિશિષ્ટ-5.

| ટેન્ડરની જુની શરતો | ટેન્ડરની નવી શરતો |
|---|---|
| ઈએમડી રૂા. ૧૦,૦૦,૦૦૦/- રાખેલ છે. | ઈએમડી રૂા. ૧,૦૦,૦૦૦/- રાખી, જેનું ટેન્ડર પાસ થાય તેમની પાસે રૂા. ૧૦,૦૦,૦૦૦/- સિક્યુરીટી ડિપોઝીટ રાખવી. |
| દર વર્ષે રૂા. ૧.૫ કરોડનું ઉત્તરવહીનું કામ કરેલ હોવું જોઇએ | દર વર્ષે રૂા. ૫૦ લાખ ઉત્તરવહીનું કામ કરેલ હોવું જોઇએ |
| વર્ક ઓર્ડર ૩૦ દિવસમાં પુરુ કરવાનું રહેશે. | વર્ક ઓર્ડર તબ્બકાવાર યુનિવર્સિટીના જણાવ્યા અનુસાર ડીલીવરી કરવી. |
| એક વર્ષ માટે ઑર્ડર આપવામાં આવે છે. | યોગ્ય લાગે તો વધુ એક વર્ષ માટે ટેન્ડરના ભાવે ઑર્ડર રીપીટ કરી શકાશે. |

નમૂનું ટેન્ડર



| ગુજરાત યુનિવર્સિટી<br>ઉત્તરવહી ભાવ-પત્રક-૨૦૧૩<br>TENDER FORM<br>ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. | ટેન્ડર ફોર્મ નંબર :<br>રસીદ નંબર :<br>ટેન્ડર ઇસ્યુ કર્યા તારીખ :<br>ટેન્ડર ઇસ્યુ કરેલ પાર્ટીનું નામ : |
|---|---|

ટેન્ડર ફોર્મ ફી રૂ. ૨,૦૦૦/-

## મુખ્ય/પુરક ઉત્તરવહી તથા ખાખી સ્ટીકરના છાપકામનું ટેન્ડર ફોર્મ

| ક્રમ | છાપકામની વિગત | કાગળની સાઈઝ તથા અન્ય વિગત | નકલની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | **8.5"×11"**(સાઈઝ)ની<br>૨૪ પાનાની મુખ્ય ઉત્તરવહીઓ,<br>૮ પાનાની પુરક ઉત્તરવહીઓ તથા<br>**4"×3"** ખાખી સ્ટીકર<br>૪ પાનાની પ્રેક્ટીકલ ઉત્તરવહી | ટેકનિકલ બીડ તથા<br>કોમર્શિયલ બીડમાં<br>જણાવ્યા મુજબ | કોમર્શિયલ બીડમાં<br>દર્શાવ્યા મુજબ |

નોંધ :

(૧) આ ટેન્ડર તા. ૫-૧૦-૨૦૧૩ના રોજ બપોરના ૧૪-૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂ અથવા રજિસ્ટર્ડ પોસ્ટથી સીલબંધ કવરમાં ગુજરાત યુનિવર્સિટીના ડિસ્પેચ વિભાગ રૂમ નં. ૩૮માં મળી જાય તે પ્રમાણે મોકલી આપવાનું રહેશે.

(૨) ટેક્નિકલ બીડનું ટેન્ડર ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવશ્રીની હાજરીમાં તા. ૭-૧૦-૨૦૧૩ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે ખોલવામાં આવશે. ટેક્નિકલ બીડની શરતો પૂર્ણ થતી હશે તો જ કોમર્શિયલ બીડનું ટેન્ડર મા. કુલપતિશ્રી સાહેબના આદેશ મુજબ ખોલવામાં આવશે.

(૩) **ટેન્ડરની અર્નેસ્ટમની ડિપોઝિટની રકમ રૂ. ૧,૦૦,૦૦૦-૦૦ (અંકે રૂપિયા એક લાખ પૂરા) કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના ડિમાન્ડ ડ્રાફ્ટથી ભરવાની રહેશે. અર્નેસ્ટમની ડિપોઝીટ ભરવી ફરજિયાત છે, તેમાં કોઈપણ પ્રકારની માફી કે રાહત આપવામાં આવશે નહિ. તેમ જ અર્નેસ્ટમની ડિપોઝીટ ભરેલ નહીં હોય તો ભરેલા ભાવો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

(૪) ભાવપત્રક મંજૂર ન થાય તો અર્નેસ્ટમનીની રકમ પરત કરવામાં આવશે. જેનું ભાવપત્રક મંજૂર થશે તેઓએ ભાવપત્રક મંજૂર થયાની જાણ થયાના દિન-૭માં સિક્યોરીટી ડીપોઝીટ તરીકે રૂપિયા ૧૦,૦૦,૦૦૦ (દસ લાખ) જમા કરાવવાના રહેશે. સમય મર્યાદામાં આ રકમ જમા નહીં થાય તો ભરેલ અર્નેસ્ટમનીની રકમ જપ્ત કરવામાં આવશે. અને આ ટેન્ડરનું કામ અન્ય પ્રેસને સોંપી શકાશે.

(૫) કોમર્શિયલ બીડમાં દર્શાવેલ વિગતો પ્રમાણે છાપવાની થતી મુખ્ય ઉત્તરવહી/પુરક ઉત્તરવહીઓ તથા ખાખી સ્ટીકરનું છાપકામ ઓફસેટ પદ્ધતિથી કરી નમૂના મુજબ સિલાઈ/ગમીંગ કરી આપવા દર્શાવેલ ભાવોના કોલમમાં તમામ ભાવો માગ્યા મુજબ જ માત્ર કોમર્શિયલ બીડમાં જ દર્શાવવાના રહેશે.

(૬) ભાવો ભરતા પહેલા આ સાથે સામેલ ટેકનિકલ બીડ તથા કોમર્શિયલ બીડ એમ બંન્ને બિડમાં દર્શાવેલ તમામ વિગતો કાળજીપૂર્વક અવશ્ય વાચનમાં લેવી અને સંપૂર્ણ વિગતો ભરીને બન્ને ફોર્મ પરત કરવા.

(૭) ભાવપત્રક ભરનારે ટેકનિકલ બીડ તથા કોમર્શિયલ બીડ ભરેલ ટેન્ડર ફોર્મ અલગ અલગ સીલબંધ કવરોમાં મૂકવાના રહેશે. જેમાં ઈ.એમ.ડી. (બાનાની રકમ)નો ડિમાન્ડ ડ્રાફ્ટ તથા મુખ્ય ઉત્તરવહી/પુરક ઉત્તરવહીમાં વાપરવાના કાગળ તથા સ્ટીકરમાં વાપરવાના ક્રાફ્ટ કાગળનું સેમ્પલ ટેકનિકલ બીડના કવરમાં જ બીડવાનો રહેશે અને બન્ને કવરો સીલબંધ કરીને તેની ઉપર બીડના પ્રકારનો નિર્દેશ કરીને આ બન્ને કવરો એક અન્ય કવરમાં મૂકીને સીલબંધ કવરમાં રજિસ્ટર્ડ પોસ્ટથી અથવા રૂબરૂ ઉપર જણાવેલ તારીખ અને સમય મુજબ ડિસ્પેચ વિભાગ રૂમ નં. ૩૮, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદને મળે તે રીતે મોકલવાના રહેશે.

(૮) ટેન્ડરની શરતો અને સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

# ગુજરાત યુનિવર્સિટી

ઉત્તરવહી ભાવ-પત્રક-૨૦૧૩

TENDER FORM

ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ટેન્ડર ફોર્મ નંબર :

રસીદ નંબર :

ટેન્ડર ઇસ્યુ કર્યા તારીખ :

ટેન્ડર ઇસ્યુ કરેલ પાર્ટીનું નામ:

## ટેકનિકલ બીડ

મારી રૂબરૂમાં આજે ખોલ્યું

નામ :

હોદ્દો :

તા. :

સહી :

## ટેકનિકલ બીડમાં ભરવાની વિગતો

(૧) પ્રેસનું નામ :

પ્રેસનું સરનામું :

(૨) રજિસ્ટર્ડ ઑફિસ :

(૩) સ્થાપનાનું વર્ષ :

(૪) પેઢીનો પ્રકાર :

(માલિક, ભાગીદાર, પ્રા. લિમિટેડ કે લિમિટેડ કંપની,
માલિકી સિવાયના પ્રકારમાં જરૂરી દસ્તાવેજની નકલ બીડવી)

(૫) જવાબદાર વ્યક્તિનું નામ, સરનામું :

ફોન નંબર : (ઘર) ઓફિસ (૧) (૨)

ફેક્સ નંબર : ઈ-મેલ :

મોબાઈલ

(૬) બેન્કનું નામ : એકાઉન્ટ નંબર :

(૭) સેલ્સટેક્ષ રજિસ્ટ્રેશન નંબર : (પત્રની નકલ બીડવી)

(૮) સેન્ટ્રલ સેલ્સટેક્ષ રજિસ્ટ્રેશન નંબર : (પત્રની નકલ બીડવી)

(૯) હેલ્થ/ફેકટરી એક્ટ રજિસ્ટ્રેશન નંબર : (પત્રની નકલ બીડવી)

(૧૦) પ્રેસ એક્ટ હેઠળ નોંધણીની વિગત : (પ્રમાણપત્રની નકલ બીડવી)

(૧૧) ઈન્કમટેક્ષ ક્લિયરન્સ સર્ટિફિકેટ તથા પાન નંબર આપવો.

(૧૨) છેલ્લા ત્રણ વર્ષની ઓડિટેડ બેલેન્સશીટની નકલ જોડવી.

(૧૩) છેલ્લા ત્રણ માસનું લાઈટબિલ જોડવું.

(૧૪) કુલ બિલ્ડિંગ એરિયા પ્રેસ અને ઓફિસ સાથે :

(૧૫) ગોડાઉનની વ્યવસ્થા :

(૧૬) ગોડાઉનની સીક્યુરિટી વ્યવસ્થા કેવા પ્રકારની છે ?

